# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

"રાજીવ ગાંધી ભવન" સંસ્કાર કેન્દ્ર માર્ગ, વી.એસ. હોસ્પિટલ પાસે, એલિસબ્રીજ,અમદાવાદ-૩૮૦૦૦૬.
ફોન : ૦૭૯-૨૬૫૭૮૨૧૨-૨૧૩,૨૬૫૭૮૧૬૧,૨૬૫૭૮૩૧૧ ફેક્સ : ૦૭૯-૨૬૫૭૯૫૮૯

Web : www.incgujarat.com E – mail : gpcc1234@gmail.com


અખબારી યાદી

તા. ૬-૨-૨૦૨૩

- **સમગ્ર ગુજરાત રાજ્યના ૩૩ જીલ્લા મથકે એલઆઈસી અને એસ.બી.આઈ. ઓફીસની સામે મોટી સંખ્યામાં કોંગ્રેસના કાર્યકર્તા ભાઈ બહેનો ધરણાં - પ્રદર્શન કરીને વિરોધ વ્યક્ત કરાયોઃ શ્રી જગદીશ ઠાકોર**
- **દેશના રોકાણકારોની મહામુલી મૂડીનું અવિચારી રીતે ઉદ્યોગગૃહોમાં રોકાણના કારણે ધોવાણ થઈ રહ્યું છે અને વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદી મૌન છેઃ શ્રી અમીત ચાવડા**

અમદાવાદ શહેર જીલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા આયોજીત એલ.આઈ.સી. તથા એસ.બી.આઈ.ના કરોડો ખાતા ધારકો અને બચત કરતાઓની મહામુલી મૂડી ઉદ્યોગપતિઓના ઉદ્યોગગૃહોમાં અવિચારી રોકાણના કારણે જે નુકસાન થઈ રહ્યું છે તેના વિરોધમાં **ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખશ્રી જગદીશ ઠાકોર** અને **વિધાનસભા કોંગ્રેસ પક્ષના નેતાશ્રી અમીત ચાવડા**ની ઉપસ્થિતીમાં મોટી સંખ્યામાં આગેવાનશ્રીઓ, ધારાસભ્યશ્રીઓ, ફ્રન્ટલ સેલ-ડીપાર્ટમેન્ટના હોદ્દેદાર તથા કાર્યકર્તા ભાઈ-બહેનોએ રીલીફ રોડ ખાતે ધરણાં - પ્રદર્શન કરી સામાન્ય માણસની બચત બચાવવા વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું.

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખશ્રી જગદીશ ઠાકોરે જણાવ્યું હતું કે, હાલમાં આખો દેશ ખાસ કરીને મધ્યમ વર્ગ ભાજપ સરકારની રીતિ અને નીતિઓથી ચિંતિત છે. સામાન્ય માણસની મહેનતની બચતના ખર્ચે તેમના નજીકના મિત્રો અને પસંદગીના અબજોપતિઓને ફાયદો થાય તેવી નીતિ અપનાવી રહી છે. ભાજપ સરકાર દ્વારા અદાણી જૂથમાં એલઆઈસી અને એસબીઆઈ જેવી સરકારી સંસ્થાઓના અત્યંત જોખમી વ્યવહારો અને રોકાણોએ, એલઆઈસીના 29 કરોડ પોલિસી ધારકો અને એસબીઆઈના 45 કરોડ ખાતાધારકો પર પ્રતિકૂળ અસર કરી છે. છેલ્લા કેટલાક દિવસોમાં એલ.આઈ.સી.દ્વારા અદાણી જૂથમાં જંગી રોકાણથી એલઆઈસી ને રૂપિયા 33,060 કરોડ રૂપિયાનું નુકસાન થયું છે. જયારે એસબીઆઈ અને અન્ય ભારતીય બેંકોએ અદાણી જૂથને મોટી રકમની લોન આપી છે. જયારે અદાણી ગ્રુપ પર ભારતીય બેંકોના લગભગ 80,000 કરોડનું દેવું છે.

ગુજરાત વિધાનસભા કોંગ્રેસ પક્ષના નેતાશ્રી અમીત ચાવડાએ જણાવ્યું હતું કે, કોંગ્રેસ પાર્ટી ક્યારેય કોઈ ખાસ ભારતીય કોર્પોરેટ હાઉસની વિરુદ્ધ નથી રહી, અમે ક્રોની કેપિટાલાસિમની વિરુદ્ધ છીએ અને પસંદ કરેલા અબજોપતિઓને લાભ આપવા માટેના નિયમો બદલવાના વિચારની વિરુદ્ધ છીએ. કોંગ્રેસ પક્ષ હંમેશા ગરીબ અને સામાન્ય માણસની પડખે ઊભો રહ્યો છે અને રહેશે. કોંગ્રેસ પક્ષ કરોડો ભારતીયોના મહેનતની કમાણી કરેલી બચતને જોખમમાં મૂકીને બજાર મૂલ્ય ગુમાવતી કંપનીઓમાં રોકાણના મુદ્દા પર ચર્ચા શરૂ કરવા માટે સંસદમાં લડી રહ્યો છે.

કોંગ્રેસ પક્ષ દ્વારા માંગણીઓ છે કે, (૧) સર્વોચ્ચ અદાલતના મુખ્ય ન્યાયાધીશ દ્વારા નિષ્પક્ષ તપાસ અથવા હિડનબર્ગના અહેવાલ અંગે સંયુક્ત સંસદીય સમિતિ દ્વારા તપાસ (૨) એલઆઈસી અને એસબીઆઈ અન્ય બેંક દ્વારા અદાણી ગ્રુપમાં થયેલ રોકાણો અંગે સંસદમાં ચર્ચા અને રોકાણકારોની સુરક્ષા માટે યોગ્ય પગલાં લેવા જોઈએ.

અમદાવાદ શહેર જીલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા આયોજીત આ ધરણા પ્રદર્શનમાં અમદાવાદ શહેરના પ્રમુખશ્રી નીરવ બક્ષી, અમદાવાદ જીલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખશ્રી બળવંતસિંહ ગઢવી, ધારાસભ્યશ્રી ઈમરાન ખેડાવાલા, પ્રદેશ ઉપપ્રમુખશ્રી બીમલ શાહ, ઈન્ચાર્જ મહામંત્રીશ્રી નઈમ મીરઝા, ગુજરાત પ્રદેશ મીડીયા કન્વીનર અને પ્રવક્તા ડૉ. મનિષ દોશી, ગુજરાત પ્રદેશ મીડીયા કો-કન્વીનર અને પ્રવક્તાશ્રી હેમાંગ રાવલ, પ્રવક્તાશ્રી હિરેન બેંકર, સેવાદળના કાર્યકારી ચેરમેનશ્રી કિરણ પ્રજાપતિ, ઓ.બી.સી. ડીપાર્ટમેન્ટના ચેરમેનશ્રી ઘનશ્યામ ગઢવી, પ્રદેશ હોદ્દેદારશ્રીઓ, શહેર અગ્રણી, ફ્રન્ટલ - સેલ ડીપાર્ટમેન્ટના વડા, પ્રદેશ પ્રવક્તા સહિત મોટી સંખ્યામાં કાર્યકર્તા ભાઈ-બહેનો જોડાયા હતા.

(હેમાંગ રાવલ)
મીડીયા કો-કન્વીનર અને પ્રવક્તા